# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 05 • PAGES : 20 • MUMBAI • DATE : 05TH OCTOBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## સર્વે જ્ઞાતિજનોને નવરાત્રૌત્સવની હાર્દિક શુભકામના

ॐ

*या देवी सर्वभूतेषु शक्ति-रुपेण संस्थिता !!*
*नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः !!*



જય માતાજી



અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજી તથા
જગતજનની મા અંબાના ચરણે પ્રાર્થના કરીએ કે
સમગ્ર વિશ્વ કોરોનાના કહેરથી મુક્ત થાય

# પાવન ચરણે અર્પણ અમારી સ્મરણ વંદના

## શ્રી પ્રફૂલચંદ્ર પદમશી હીરજી કુરૂવા

**માતુશ્રી ચાપુબાઈ પદમશી હીરજીના સુપુત્ર**
ગામ : ગોધરા, હાલ : ગામદેવી (મુંબઈ)
**મણિબાઈ ટોકરશી રતનશી લોડાયાના જમાઈ**
ગામ : કોઠારા, હાલ : પાચોરા
જન્મ : તા. ૬-૯-૧૯૩૭ (મુંબઈ)
અરિહંત શરણ : તા. ૧૬-૮-૨૦૨૦ (મુંબઈ)



આકાશમાંથી ખરી પડ્યો તેજસ્વી તારો,
કદી ભુલાય નહીં. આપનો માયાળુ સ્વભાવ,
પરિવાર પ્રેમી, શાંત અને હસમુખ ચહેરો.
આપ સહનશીલતાની મૂરત હતા.
તમે આદર્શપુર્ણ જીવન વિતાવ્યું.
દુઃખને કદી દેખાડ્યું નહી.
ન્યાયના પંથે ચાલતા શિખવાડ્યું.
એ અમો સૌ જીવનભર ભુલશું નહીં.

| | |
|---|---|
| DIRECTOR | : **Bombay Cotton Merchants & Muccadams Assoc.** |
| DIRECTOR | : **Cotton Association of India** (Formerly East India Cotton Association) |
| EMPANELLED ARBITRATOR | : **Cotton Association of India** (Formerly East India Cotton Association) |
| EMPANELLED SURVEYOR | : **Cotton Association of India** (Formerly East India Cotton Association) |

**DIPLOMA IN HOMEOPATHY**
**ARDENT ASTROLOGER & PALMIST**

પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અમારી પ્રાર્થના.

ધર્મપત્નિ : **ફૂલવંતી પ્રકુલચંદ્ર હીરજી**

**નત મસ્તકે વંદના**
**આપના બાળકો**

**ચાંદની વિજય શાહ** (અંધેરી) — **કરણ, વરૂણ**
**ડોલી અભય છાપિયા** (સાયન) — **ઉર્મિ, રૂષભ, શ્રુતિ** (પુત્રવધુ)
**દુષ્યંત પ્રફૂલચંદ્ર કુરૂવા** (U.S.A.)

તંત્રી સ્થાનેથી

# જ્ઞાતિના સેવાભાવી સિતારા

- ડૉ. હીરાચંદ દંડ - 7738508150



ક.દ.ઓ. જ્ઞાતિમાં આપણને અનેક સિતારાઓ પ્રાપ્ત થયા છે કે જેઓ અવિરત અને ચૂપચાપ જ્ઞાતિની સેવા કરતા જ રહે છે. એમાંના કેટલાક આ રહ્યા.

શ્રી ડાયમંડ અશોક દંડ (વરાડીયા-મુલુંડ) : વસતી પત્રક એપ.ની મૃત્યુ નોંધ માટે તમને મદદરૂપ થવા હમેંશા ઉપલબ્ધ હોય છે. તમે એક વખત મૃતક વ્યક્તિના સમાચાર મોકલો એટલે તેઓ મૃતક જ્ઞાતિજનનો ફોટો તથા અન્ય વિગતો વસતીપત્રકના ડેટામાંથી લઈ ગુજરાતીમાં મૃત્યુ નોંધ બનાવી, મૃતક વ્યક્તિના પરિવારને મંજુરી માટે મોકલી આપે છે.

શ્રી દિપક ગંગાજર ડાઘા (વરાડીયા-મુલુંડ) : તેઓ વોટ્સએપ ઉપર અનેક ગ્રુપ્સ ચલાવી રહ્યા છે. તેમને કોઈના મૃત્યુ અંગેની માહિતી મોકલાવો એટલે તેઓ પણ અનુવાદ કરી યોગ્ય રીતે મૃત્યુ નોંધ બનાવી પરિવારની મંજૂરી માટે મોકલાવે અને તે પછી વોટ્સએપ ગ્રુપ્સમાં એ માહિતી તરત જ પોસ્ટ કરે છે.

તેઓ સમાચાર પત્ર, નોકરીની માહિતી, જ્ઞાતિ સમાચારો કોઈપણ ચાર્જ લીધા વિના જ્ઞાતિજનો સુધી પહોંચાડી રહ્યા છે.

શ્રીમતી મનીષા ચેતન પોલડીયા (બાયઠ-થાણા) : તમે કોઈપણ વખતે મેડિકલ સહાયતા માટે મનીષાબેનનો સંપર્ક સાધી શકો છો. તેઓ તરત જ સમસ્ત મહાજનના વોટ્સએપ ગ્રુપ ઉપર સામુહિક ફંડ માટેની વિનંતી મોકલે છે. આ રીતે તેઓ અનેક જરૂરતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ થયા છે.

શ્રી મુકેશ દામજી મૈશેરી (લાલા-મુલુંડ) : તેઓશ્રી અચલગચ્છના સાધુઓ-સાધ્વીજીઓ માટે મેડિકલ સહાયતા, હોસ્પિટલાઈઝેશન વગેરે સેવા માટે સદૈવ તત્પર હોય છે. અચલગચ્છના દેરાસરોના જિર્ણોધ્ધાર માટે ફાળો મેળવવા માટે મદદરૂપ થાય છે.

શ્રી નરેશ ભવાનજી શાહ (મોમાયા), નલિયા-ઘાટકોપર : આપણા વિવિધ શૈક્ષણિક ટ્રસ્ટો દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીઓને આર્થિક સહાયત કઈ રીતે મેળવવી તે અંગે માર્ગદર્શન આપવા નરેશભાઈ હંમેશા તત્પર હોય છે. તેઓશ્રી ખૂબ લાંબા સમયથી કેડીઓ વિદ્યાર્થી સંઘને પણ માર્ગદર્શન આપતા રહ્યા છે.

શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયા (રાયધણજર-મુલુંડ) : કુલિનભાઈએ સમાજસેવા કરવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકેના પોતાના વ્યવસાયને છોડી દીધો છે. આવા સમર્પિત-સંનિષ્ઠ સેવાધારી એવા કુલીનભાઈ જરૂરતમંદ ક.દ.ઓ. જ્ઞાતિજનોને આરોગ્ય વિષયક સહાયતા માટે સદૈવ ઉપલબ્ધ રહે છે. તેમની સાથે ડૉ. જયંતિલાલ પદમશી ખોના (જખૌ-મુલુંડ)એ પણ પોતાનું જીવન સમાજસેવામાં સમર્પિત કર્યું છે. તેઓ પણ ક.દ.ઓ. જ્ઞાતિજનોની સહાયતા માટે તત્પર રહે છે.

શ્રી મોતીચંદ લાલજી ખોના (નલિયા-મુલુંડ) : તેઓશ્રી અનેક વર્ષોથી એકલે હાથે ઉત્કર્ષ ટ્રસ્ટ માટે અનુદાન મેળવવા પ્રયત્નશીલ રહે છે. ટ્રસ્ટમાં કોઈપણ હોદાની અપેક્ષા વિના તેઓ શાળાના વિદ્યાર્થીઓને મદદરૂપ થવા ટ્રસ્ટ માટે ખૂબજ મહત્વપૂર્ણ કાર્ય કરી રહ્યા છે.

શ્રી શાંતિલાલ મુલજી શિયાલ (જખૌ-ઈંદોર) અને શ્રી મણિકાંત હિરજી ધુલ્લા (જખૌ-મુલુંડ) : આ બન્ને સજ્જનો એ કે.ડી.ઓ. ક્લાસિકના માધ્યમથી અનેક જ્ઞાતિજનોની આંખોના મોતિયાના ઓપરેશન કરાવ્યા છે. તેમજ જ્ઞાતિજનો માટે મફત દંત ચિકિત્સા સારવાર પણ મળી રહે એ માટે મહત્વપૂર્ણ કાર્ય કરી રહ્યા છે.

રાતદિવસ જોયા વિના કાર્ય કરનારા આવા મૌન સેવાભાવી જ્ઞાતિજનોને સલામ કરું છું. આ તંત્રીલેખમાં આવા અનેક સેવાભાવી સિતારાઓનો ઉલ્લેખ નથી કરી શક્યો પણ આગામી લેખોમાં તેમની માહિતી પણ આપીશ. આવો આપણે તેમની પાસેથી પ્રેરણા લઈએ અને આપણી જ્ઞાતિ માટે કશુંક હકારાત્મક કરવાનો પ્રયાસ કરીએ.

## આદ્યતંત્રીઓ

''પ્રકાશ''
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
રાયચંદ રતનશી નાગડા
પંકજ પ્રતાપ શાહ
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
શૈલેશ સનત્ શાહ
કેશરસિંહ આણંદજી ખોના
જયંત વિશનજી છેડા
તિલકચંદ કુંવરજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ – ૨૩ અંક નં. ૦૫**
**Date : 05-10-2020**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત**
**રવિવાર અને જાહેર રજાના બંધ**

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**અતીતની અટારીએથી**

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૪)''

**સોમ ધરમશી**
મો. 97267 76627



લખમશીભાઈ (હમાલ) ચાલતી સ્ટીમરે મોજા ઉછળે તો પણ અંદર પાણી ન આવે અને જ્યાં ઓછા ચક્કર આવે તેવી જગ્યા અમારા માટે રોકતા. સામાનની સાથે-સાથે એક-બે શેતરંજી પણ લઈ જતા, જે તુતક ઉપર બીછાવી આજુબાજુમાં સામાન ગોઠવી દેતા. આમ તો એમની પાસે ''પાલ'' (શણનાં કોથળામાંથી બનાવેલ એક પ્રકારની શેતરંજી) હમેંશા રહેતા. લખમશીભાઈ વર્ષો જુના અનુભવી હમાલ હતાં અને વર્ષોથી સ્ટીમર ઉપર સામાન ચડાવતા હોવાથી તેમની એક ટોળકી બની ગઈ હતી. મગરૂર છે કોઈ બીજા હમાલની કે તે જ્યાં જગ્યા રોકતા ત્યાં પોતાનો પાલ પાથરી શકે. પણ લખમશીભાઈને મોં માંગી મજુરી આપવી પડતી.

લખમશીભાઈ મારી યાદમાં હજી પણ અકબંધ છે તેમના વિશે તેમના વંશવારસો કે ઓળખીતાઓ વિગત આપશે તો આભારી થઈશ.

ગતાંકમાં વર્ણન કરેલ સામાન પેક કરવાવાળી અને ભાથું બનાવવાની આ બંને થતી સાંભાઈઓ જોતા જોતા મારી પાપણો ભારી થવા લાગતી. કચ્છ જવાના સોણલા જોતા જોતા હું નિદ્રાદેવીના ખોળે ઢળી પડતો કે વહેલી પડે સવાર.

**મારી પ્રથમ દરિયાઈ સફર :-**

બીજા દિવસની સવાર ''આળસુના પીર'' (મને અપાયેલ વિશેષણ) માટે વહેલી પડી જતી. હું વહેલો તૈયાર થઈ કચ્છ લઈ જવાની બાળ વાર્તાઓની ચોપડી, મારા ખાસ એક-બે નવીનતમ બેટરીથી ચાલતા રમકડા કે જે મને કચ્છના મારા થનારા ભેરુઓને બતાવી ચકિત કરવા, મારા દફતરમાં ભરી લેતો. બાકીનો મારો સામાન સાથે જનાર લોખંડની પેટીમાં ભરાઈ જતો. અદમ્ય ઉત્સાહ અને ઉમંગથી હું મારી પહેલી દરિયાઈ સફર માટે તૈયાર થઈ જતો.

આમ તો મુસાફરી માટે શનિવાર અમારા ઘરમાં અશુભ મનાતો પણ સ્ટીમરથી કચ્છ જવું હોય તો પિતાશ્રી શનિવારની સ્ટીમરની જ ટીકીટ કઢાવતાં. (સ્ટીમર ઘડિયાલ ગોદીથી બુધવાર અને શનિવારના જ છુટતી). સફરની અશુભતાની અસર અમારી પર ન પડે આના કારણે માતૃશ્રી કદાચ એકાદ નવકારવાળીનાં મણકા વધુ ફેરવતા અને કચ્છ હેમખેમ પહોંચીશું તો અમારા કુટુંબના મંજલ રેલડીયા મધ્યે આવેલ અંબા માંના મંદિરે નાળિયેર ચડાવવાની સાથે-સાથે માનતા પણ રાખતા અને અંતરના આશિર્વાદ મા પાસે માંગતા કે અમારી સફર હેમખેમ પૂર્ણ થાય.

મારા મોટા ભાઈ ઘડિયાલ ગોદી સુધી જવા માટે અમારા ઘરેથી (''કોટ-Fort''થી ઘડિયાલ ગોદી સુધી) ''વિકટોરીઆ'' ઘોડાગાડીનો બંદોબસ્ત કરતા. હું અમારા બિલ્ડીંગના ઓટલા પર સાથે લઈ જવાના સામાનની ગણતરી કરતો. જમવાનું ટીફીન, નાસ્તાનો મોટો ટીનનો ડબ્બો, પાણીના ચંબુ, હીરાબેનની ઝોલી, માતૃશ્રીની પૈસાની પર્સ- તે હમેંશા તેમના હાથમાં લટકેલી હોય પણ તેને ગણતરીમાં તો લેવાની હોય અને મારુ દફતર. આ સામાનની ગણતરીમાં દર વખત ભુલ થતી અને તેથી દરેક જણ બે કે ત્રણવાર એની ગણતરીમાં રચ્યા-પચ્યા રહેતા.

ઘરમાંથી વિદાય આપતા પહેલા સફર કરનાર મુસાફરો એટલે કે અમને શુકન રૂપે દહીં ખવડાવવામાં આવતું જે આગલા દિવસે એક વાટકીમાં ખાસ જમાવવામાં આવતું.

ઘરમાંથી બધા આવજો... આવજો.... વહેલા પાછા પધારજો...ના નાદો સંભળાતા. અમારા આડોશી-પાડોશીઓ પણ વિદાય આપવા આવતા અને માતૃશ્રીને ભેટીને ઓવારણાં લેતા.

પિતાજીને અંધશ્રદ્ધામાં ઓછો વિશ્વાસ હોવાથી દહીં ખવડાવવાની પ્રથા કે શનિવારના મુસાફરી અશુભ દિવસે થાય છે તેથી માતૃશ્રી ઘર મંદિરમાં ભગવાન પાસે ઘી નો દિવો કરતા તે પ્રત્યે તેમનો વિરોદ્ધ રહેતો. આના કારણે બંન્ને વચ્ચે મીઠો ઝગડો પણ થતો. પિતાશ્રીનું અમલી વાક્ય રહેતું ''હાણે જલ્દી પતાયો ન કાં આંજી સ્ટીમર છુટી વેંધી.''

હું નીચે ઉભેલ વિકટોરીયામાં ચાલકની બાજુમાં ખુમારીથી મારા દફતર સાથે જગ્યા ગ્રહણ કરતો. અમારી ગલીમાં રહેતા મારા કેટલા મિત્રો મને પોતાની બારી અથવા અગાસીમાંથી ટાટા.. બાયા.. બાયા.. કરતાં. હું પણ મારી આ પ્રથમ દરિયાઈ સફરના કારણે પોરસાઈને એ લોકોનું અભિવાદન ઝીલતો. મારા માતૃશ્રી, બહેન હિરા અને મોટાભાઈ ઝવેરચંદ જે અમને વળાવવા આવતા વિક્ટોરીયામાં સ્થાન ગૃહણ કરતાંજ, ચાલક, ઘોડાને ચાબુક મારતો અને શરૂ થતી અમારી સફર ઘડિયાલ ગોદી તરફ... (વધુ આવતા અંકે...)

## જીવદયાનો અનેરો કિસ્સો જીવદયાનો અનેરો કિસ્સો

– ચંદ્રિકા લોડાયા, પુના-જખૌ

આપણે જીવદયામાં માનનારી કોમ છીએ. આપણે સૌ ખુશ થઇ ઊઠીએ એવો એક કિસ્સો જાણમાં આવ્યો છે.

ઘાટકોપરમાં વસતા, ભર નીંદરમાં સૂતેલા ધનરાજભાઇ દંડ ડોર બેલના અવાજથી ચોંકીને જાગી ગયા. રાતના બે વાગ્યા હતા. દરવાજો ખોલવાનું મુનાસિબ ન લાગતાં એમણે દરવાજા પાસે જઇને કોણ હતું એની પૃચ્છા કરી. જવાબ મળ્યો કે એમના નવા રહેવા આવેલા પડોશીઓ હતા. હજુ બે-ચાર દિવસ પહેલાં જ બાજુના ફ્લેટમાં રહેવા આવેલા પડોશીઓને ધનરાજભાઇ મળ્યા પણ નહોતા તેથી સ્વાભાવિક રીતે જ તેઓ દરવાજો ખોલતાં અચકાયા. બહારથી દરવાજો ખોલવાની ખૂબ વિનંતિઓ આવી. છેવટે કાંઇક વિશ્વાસ પડતાં પીપ-હોલમાંથી જોઇ લીધા પછી તેમણે દરવાજો થોડો ખોલ્યો.

સામે માતા અને પુત્રી હોઇ શકે એવી બે સ્ત્રીઓ ઊભી હતી. એમણે જણાવ્યું કે ધનરાજભાઇના રસોડાની બારી પરની ગ્રિલની નીચે એક બિલાડી ફસાઇ ગઇ હતી અને પોતાની જાતે નીકળી શકે તેમ નહોતી. એ ઘણીવારથી અવાજ કરી રહી હતી. જો તેને બચાવવામાં નહીં આવે તો ચોથા માળ પરથી નીચે પટકાઇને મરી જશે એ નિશ્ચિત હતું. પડોશી નવીનભાઇ મોમાયાના ઘરમાંથી ધનરાજભાઇની બારીની ગ્રિલની નીચેના બ્રેકેટ પર પેટના બળે લટકતી બિલાડી સ્પષ્ટ જોઇ શકાતી હતી. બિલાડી એટલી ખરાબ રીતે ફસાઇ ગઇ હતી કે પગ ઊંચો કરી ને કોઇ ટેકો લેવા જાય તો સીધી નીચે પડી જાય! ધનરાજભાઇ ચોવિયાર વાળી લીધા પછી રસોડામાં ગયા જ નહોતા તેથી તેમને આવી કોઇ જાણ નહોતી. નવીનભાઇની દીકરી બીજલ આ બિલાડીને બચાવી લેવા બહુ આતુર હતી. પહેલાં તો એણે બંબાવાળાને સહાયતા માટે ફોન કર્યો. તેઓ સવારે સાત વાગે આવશે એવો જવાબ મળ્યો. ત્યાં સુધી બિલાડી ટકી ન શકે તેથી તેમને નાછૂટકે ધનરાજભાઇને ઊઠાડવા પડ્યા.

કિસ્સો સમજાતાં ધનરાજભાઇએ હાથની તકલીફને લીધે બિલાડીને બહારથી કાઢવાની અશક્તિ દર્શાવી. દીકરી બીજલે પોતે બિલાડીને કાઢી આપશે માટે ઘરમાં આવવા દેવાની વિનંતિ કરી. ધનરાજભાઇએ માતા-પુત્રીને ચેતવ્યાં કે એમની બારીની ગ્રિલ ઘણી જૂની હતી ને એની ઉપર ચડતાં ગ્રિલ ભાંગી જાય તો બિલાડીને બચાવવા જતાં બીજલ પોતે જ ચોથા માળેથી ભોંય ભેગી થઇ જાય એવો ખતરો હતો! બીજલ બિલકુલ ન અચકાણી. એની માતાએ પણ ડર્યા વિના એને સાથ આપ્યો. છેવટે બંને અંદર આવ્યાં. બીજલે બારીની પાળી પર ચડીને ગ્રિલ પર પગ મૂક્યો ત્યારે સૌનો શ્વાસ અધ્ધર હતો. બીજલે સિફતથી ગ્રિલમાંથી નીચે હાથ લંબાવીને બિલાડીને ઉપર ખેંચી લીધી. આઘાતમાંથી બહાર આવેલી બિલાડીને કળ વળે તે માટે બીજલ તરત એને દૂધ આપવા પોતાના ઘરે લઇ ગઇ.

ધનરાજભાઇનું અનુમાન હતું કે બિલાડી આ કુટુંબની પાળેલી હશે જે બીજે દિવસે બિલાડીની પૂછપરછ કરતાં ખોટું ઠર્યું. માત્ર એક જીવને બચાવી લેવાની નિઃસ્વાર્થ ભાવના જ ત્યાં હતી! વળી બિલાડીને તાવ જણાતો હતો તેથી બીજલ એને પ્રાણીઓના ડૉક્ટર પાસે લઇ જવાની હતી. પ્રાણી માત્ર પ્રત્યે જીવદયા રાખવાના આપણા સંસ્કારનાં મૂળ કેટલા ઊંડા છે તે આ મા-દીકરીએ પૂરવાર કર્યું છે. એમની લાખ લાખ અનુમોદના!

* * *

### લઘુમતિ શિષ્યવૃત્તિ

લઘુમતિ શિષ્યવૃત્તિ (માઇનોરિટી સ્કૉલરશિપ)ની અરજી જમા કરાવવાની છેલ્લી તા. ૩૧-૧૦-૨૦૨૦ છે. જેની નોંધ લઇ વેળાસર ફોર્મ ભરાવી દેવા જોઇએ. એમ જાણી કેડીઓ ઇચ્છુકો તરફથી કુણાલભાઇ ડાઘાને ઠેકઠેકાણેથી કૉલ આવી રહ્યા છે.

YouTube Link :

**https://youtu.be/qSJc7EJQ4_c**

દરમિયાન, ડોંબીવલીના પરેશ માલદેએ પોતાની અરજી સાચી અને યોગ્ય રીતે ભરીને જમા કરાવી દીધી છે. અને અન્ય કેડીઓ ભાઇઓને અરજી પત્રક ભરવામાં મદદ કરવાની જાહેરાત કરી છે. એમનો મો.નં. ૯૮૨૦૨૯૧૯૪૮ છે.

### વિદ્યાર્થીનીઓ માટે શિષ્યવૃત્તિ ૨૦૨૦-૨૧

મૌલાના આઝાદ શિક્ષણ પ્રતિષ્ઠાન (લઘુમતી કાર્ય મંત્રાલય - ભારત સરકાર) તરફથી અધિસુચિત લઘુમતી સમુદાય (મુસ્લિમ, ઇસાઇ, શીખ, બૌધ્ધ, પારસી, જૈન) આર્થિક રીતે નબળી છાત્રાઓ માટે બેગમ હઝરત મહલ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ધોરણ ૯ થી ધોરણ ૧૨માં ભણતી પરિવારની વાર્ષિક આવક રૂ. બે લાખથી વધુ નહોય તેથા આગલા ધોરણમાં ૫૦% ગુણ અથવા સમકક્ષ ગ્રેડ મેળવેલ હશે તેઓ અરજી કરી શકશે.

અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧-૧૦-૨૦૨૦ વધુ માહિતી માટે....

**www.maef.nic.in.**



# મળવા જેવા માણસ...

## શ્રીમતી નવલબેન નારાણજી દેવશી નાગડા, તેરા-ડોંબીવલી

આજે હું તમને એક વીરાંગનાનો પરિચય કરાવીશ કે જેમણે જીવનભર સંઘર્ષ કર્યો છે અને હજી પણ સંઘર્ષરત છે. શ્રીમતી નવલબેન નારાણજી દેવશી નાગડાનો જન્મ ઇ.સ. ૧૯૫૩ માં બાંઢિયાના શ્રી લક્ષ્મીચંદ જીવરાજ મૈશેરીને ત્યાં થયો. તેમના પરિવારમાં સાત બહેનો હતી. નવલબાઇના લગ્ન તેરાના શ્રી નારાણજી દેવશી નાગડા સાથે ઇ.સ. ૧૯૭૩માં થયા. તેમને એક પુત્ર અને એક પુત્રી સંતાન થયા. સુપુત્રી કાશ્મીરા લગ્ન જીવનમાં સુખી છે પરંતુ પુત્ર અજય માંદગીના કારણે ૪૦ વર્ષની ઉમરે તા. ૬-૮-૨૦૨૦ના અરિહંત શરણ થયા.

**પ્ર.સ.: નવલબેન, લગ્ન પછી આપનું જીવન કેવું હતું ?**

**એન.બી. :** મારા પતિ ટ્રાન્સપોર્ટના ધંધામાં હતા અને પરિવાર માટે જરૂરી આવક કમાઇ લેતા હતા. અમે ભાંડૂપમાં રહેતા હતા અને ખાસ કોઇ આર્થિક પ્રશ્નો ન હતા. પણ કેટલાક વર્ષો પછી તેમનો ટ્રાન્સપોર્ટનો ધંધો બંધ પડ્યો અને અમે આર્થિક મુશ્કેલીમાં આવી ગયા. ઇ.સ. ૧૯૮૨માં અમો ડોંબીવલી સ્થળાંતરિત થયા.

**પ્ર.સ.: આપે આપના પતિને અને પરિવારને મદદરૂપ થવા શું કર્યું ?**

**એન.બી. :** મારે બે નાના બાળકો હતા. અજયનો જન્મ ૧૯૮૦ અને કાશ્મારાનો જન્મ ૧૯૮૨માં થયો હતો. મારા પતિની કોઇ આવક નહોતી અને મારે બે બાળકોનું લાલનપાલન કરવાનું હતું એટલે મેં મારા પરિવાર માટે કમાવવાનું નક્કી કર્યું. હું બહુ ભણેલી નહતી એટલે નોકરી મળે એવી શક્યતા નહતી તેથી મેં પ્રતિદિન રૂા. ૫૦/-ના મામુલી દરે રસોઇ કામ કરવાનું શરૂ કર્યું.

**પ્ર.સ.: તમે કઈ રીતે આ કાર્યને આગળ વધાર્યું ?**

**એન.બી.:** મેં સખત પરિશ્રમ કરવાનું શરૂ કર્યું. મારી રસોઇ કેડીઓ જ્ઞાતિ પરિવારોમાં વખણાવા માંડી. મેં થોડાક સહાયકોની મદદથી ૫૦૦ માણસોની રસોઇની વ્યવસ્થા સંભાળી છે. હું આજે પણ ૫૦ માણસોની રસોઇ એકલે હાથે કરી શકું છું.

**પ્ર.સ.: તમે કે.ડી.ઓ. જ્ઞાતિમાં થતા નાના મોટા પ્રસંગો, લગ્ન, સુવાવડ વગેરે વખતે રસોઇ માટે ખૂબજ પ્રખ્યાત છો તેનું શું કારણ ?**

**એન.બી.:** હું મારા કાર્યમાં પ્રમાણિક તથા સજાગ રહું છું. લોકોને મારા પર વિશ્વાસ છે એટલે લગ્ન પ્રસંગે મને પ્રાથમિકતા આપે છે. હું સખત મહેનત કરૂં છું અને મારા ગ્રાહકોને ફરિયાદ કરવાનો મોકો જ નથી આપતી. મને લગ્ન પ્રસંગે થતી અનેક વિધિઓ અને રીત રિવાજોની જાણકારી હોવાને કારણે મારા ગ્રાહકોને માર્ગદર્શન પણ આપી શકું છું.

**પ્ર.સ.: તમારા કામ માટે તમે મુસાફરી કરતા જ હશો. તમારો શું અનુભવ છે ?**

**એન.બી.:** હા, મેં સાંગલી, નાંદેડ, જલગામ, ચાલીસગામ, કરાડ, હૈદરાબાદ તથા અન્ય અનેક શહેરોનો પ્રવાસ કામ માટે કર્યો છે. મારા ગ્રાહકો મને પરિવારના સભ્યની જેમ પોતાના ઘરે જ રાખે છે. તેઓ મને ખૂબજ આદર-માન આપે છે.

**પ્ર.સ.: તમે ૬૭ વર્ષની ઉમરે હજી પણ સખત પરિશ્રમ કરો છો... હજી કેટલો સમય લડાઇ કરતા રહેશો ?**

**એન.બી.:** મારે મને પોતાને તથા મારા પતિને સંભાળવાના છે. મારા પતિ વૃધ્ધ છે અને લાંબા સમયથી નિવૃત્ત જ છે. ટ્રાન્સપોર્ટનો ધંધો બંધ કર્યા પછી જીવનભર તેમણે ઓછા પગારની નાની-મોટી નોકરીઓ કરી છે. એટલે આર્થિક ભારણ મારા ઉપર જ રહ્યું છે. હું યોધ્ધા છું અને મારા જીવનના અંતિમ શ્વાસ સુધી મારા પતિને મદદરૂપ થવા હું કામ કરતી રહીશ. મારો દીકરો લાંબા સમયથી બીમાર રહેતો હતો તેથી મારી આવકનો મોટો ભાગ તેની સારવાર પાછળ ખર્ચાતો હતો.

છેલ્લા છ-સાત મહિનાથી લોકડાઉનમાં સમારંભો રદ થવાના કારણે મારી પાસે કોઇ કામ નથી. મને ખબર નથી કે આવું હજી ક્યાં સુધી રહેશે ? ક્યારે બધું સામાન્ય થશે ?

**પ્ર.સ.: અમારા વાચકો માટે આપ શું સંદેશ આપશો ?**

**એન.બી.:** જીવન એક પડકાર છે એનો સ્વિકાર કરો એની સામે ઝઝુમો. ભગવાન તમને જે સ્થિતિમાં રાખે એમાં ખુશીથી રહો. જીવનના કોઇપણ પડાવ ઉપર પડકાર આવી પડે તો ગભરાઇ ના જાઓ. હિંમતથી સામનો કરો. પરિશ્રમ અને પ્રમાણિકતા ના છોડો.

दुनिया में हम आए हैं तो जीना ही पडेगा ।
जीवन है अगर जहर तो पीना ही पडेगा ।

**પ્ર.સ.: આપના જીવન સંઘર્ષને સલામ.**

**- ડૉ. હીરાચંદ દંડ**

## ભાવાંજલિ – માનાંજલિ

સ્વ. શ્રી RR એટલે રા. રાજેશ્વરી, નીડર, નિખાલસ, જ્ઞાતિ હિતેચ્છુ, સત્યવાંછું, સ્પષ્ટ વક્તા, પ્રકાશ સમીક્ષાના કાબેલ સુકાની, શ્રીફળ જેવું બહુમુખી વ્યક્તિત્વ... પ્રભુ એમના દિવ્યાત્માને પરમ પદ આપો અને જ્ઞાતિ પર સદૈવ શુભાશિષના અમી વરસાવતા રહો એજ અભ્યર્થના – પ્રાર્થના.

**– સોમચંદ વી. લોડાયા,** આરીખાણા – મુલુંડ (પૂર્વ)

## Shradhanjali To Raichand Bhai

RR as we lovingly called him was a man of principles, always smiling and ready to help, I still can hear him calling me Beta and telling let me know if you need any help (ki pan hoy ta choja, don't hesitate) specially when we used to catch up or meet up in courts. Apart from his professional duties and dedication, he tirelessly worded for the improvement and betterment of our Community is a known fact for all. He was truly a fatherly figure and will remain so in our hearts. Will miss you forever Sir, will always remain in our thoughts.

**- Smt. Tejal Rajesh Shah,** Sion-Mumbai.

## કૃષિ રાહત પેકેજની સહાય

(૧) ગામ નમૂના નં. ૮-અ (૨) ગામ નમૂના નં. ૭-૧૨ અથવા તલાટીનો વાવેતર નો દાખલો (૩) બેંક પાસબુક ના પ્રથમ પાનાની ઝેરોક્ષ આઈએફ એસસી કોડ સાથે (૪) આધાર કાર્ડની ઝેરોક્ષ (૫) મોબાઈલ નંબર (૬) સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુક્ત ખાતેદાર પૈકી એક જ ખાતેદારને સહાય લેવા અન્ય ખાતેદારનું 'ના' વાંધા અંગેનુ સંમતિપત્ર. (૭) અરજી કરવાની તા. ૧-૧૦-૨૦૨૦થી ૩૧-૧૦-૨૦૨૦ સુધી. (૮) સહાયનું ધોરણ એક હેક્ટરે રૂપિયા દશ હજાર અને વધુમાં વધુ ૨ હેકટરની મર્યાદા અને ઓછામાં ઓછી સહાય રૂપિયા પાંચ હજાર. (૯) ઉપર મુજબના બધા જ ડોક્યુમેન્ટ ગ્રામ પંચાયતે VCE ને જમા કરાવીને ફોર્મ ભરાવી લેવું.

પાક નુકસાનીના ઓનલાઇન ફોર્મ તા. ૧/૧૦/૨૦૨૦ થી ૩૧/૧૦/૨૦૨૦ સુધી માત્ર ગ્રામ પંચાયતના વી.સી.કોમ્પ્યુટર ઓપરેટર જ ભરી શકશે. તો ખાસ નીચેની બાબતોનું ધ્યાન રાખવું. (૧) આખો મહિનો ઓન લાઇન ચાલુ રહેવાનું હોવાથી કોઈ ઉતાવળ કરવી નહીં. (૨) મોઢા પર માસ્ક પહેરવું, તથા એક બીજા અંતર રાખવું. (૩) સાથે જરૂરી ડોક્યુમેન્ટ લઈ જવા.

## શ્રદ્ધાંજલિ



**શ્રી તિલોકચંદ નરશી દંડ**
(વરાડીયા - મલકાપુર)

વર્તમાન પરિસ્થિતિઓમાં અણધારી વિપત્તિઓની વચ્ચે પરિવારના એક પછી એક સભ્યોની દુઃખદ વિદાયના આઘાત વચ્ચે પરમ આદરણીય શેઠ **શ્રી તિલોકચંદભાઈ દંડ**ની વિદાય એમના પરિવાર અને મલકાપુર, વરાડીયા, મહારાષ્ટ્ર એકમ, સમસ્ત કેડીઓ મહાજન, તમામ ધાર્મિક-સામાજિક સંસ્થાઓ માટે અપૂર્ણિય ક્ષતિ છે.

આપની હયાતી અમારી પ્રેરણા હતી અને આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા. આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા જીવનભર નહીં ભુલાશે.

ખંડવા શ્રી સંઘના કાર્યક્રમોમાં આપ તથા પરિવારની હાજરીથી જે સંબલ અમને મળતું તે અવસ્મરણીય છે, વિશેષ કરીને દેરાસરની શતાબ્દી વર્ષની ઉજવણી અને શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદાની પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં આપનું માર્ગદર્શન તથા અમારા વડીલ તરીકે આપની હાજરી અમારા બધાના સ્મૃતિ પટલ ઉપર સદાય રહેશે.

ઈશ્વર પાસે એમના પુણ્યશાળી આત્માને મોક્ષગામી કરવા તથા કુટુંબી અને પ્રિયજનોને તેમના વિરહને સહન કરવાની શક્તિ આપવાની પ્રાર્થના છે.

અમે બધા શેઠ **શ્રી નરશીભાઈ જેઠાભાઈ દંડ પરિવાર** ના શોકમાં સંપૂર્ણપણે શામિલ છીએ.

**હિરેન વિશનજીભાઈ ગોસર (અધ્યક્ષ)**
**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ખંડવા (મ.પ્ર.)**

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૯

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

ગતાંકના કેટલાક મણકાઓમાં હિન્દુ, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મનાં પાયાના સિદ્ધાંતો, એ ધર્મની જુદી-જુદી ખાસીયતો, એ ધર્મો વિરુદ્ધ થયેલ વાદવિવાદ અને એ ધર્મોના સંસ્થાપકો વિષે માહિતી મેળવી. આજની તારીખમાં દુનિયાના લગભગ ૭૫ ટકા દેશોમાં આ ધર્મોનું ચલણ છે.

મારા કેટલાક મિત્રોના વચ્ચે-વચ્ચે મારા પર ફોન આવતા રહ્યા કે જૈન ધર્મની બદલે અન્ય ધર્મોની માહિતી તમારા લેખોમાં શા કારણસર આપો છો ?

મેં તેમને થોડીક સબૂરી રાખી મારામાં શ્રદ્ધા રાખવાની વિનંતી કરેલ, કારણ કે જૈન ધર્મની વિશિષ્ટતાઓ શું છે અને મારી દ્રષ્ટિએ એ અન્ય ધર્મોથી કેવી રીતે અલગ પડે છે તે સમજવા અન્ય ધર્મના પાયાના સિદ્ધાંતોની ખાસીયતો અથવા ભેદભાવ જાણવા જરૂરી છે. આપણા લક્ષ્ય પર પહોંચવા કંટક રહીત રાજમાર્ગ શોધવો હોય તો એ લક્ષ્ય સુધી પહોંચવાના અન્ય માર્ગો વિશે જાણકારી હોવી આવશ્યક છે.

હવે પછી ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ'' પર ઉંડાણપૂર્વક વિચાર કરતા પહેલા એક ઉડતી નજર બૌદ્ધ, યહુદી, શીખ, તાઓ અને કન્ફ્યુશ ધર્મ પર કરીશું.

આ બધા ધર્મોના અધ્યયનથી એક વાત સ્પષ્ટ જણાઇ આવે છે કે દરેક ધર્મનું લક્ષ્ય એકજ છે, ફક્ત રસ્તાઓ જુદા-જુદાઓ છે. કોઇપણ એક રસ્તો પસંદ કરી એ રાજમાર્ગ પર વિચારપૂર્વક પ્રયાણ કરીએ તો આપણી મંઝિલ દુર નથી એમા કોઇ શંકાને સ્થાન નથી.

બૌદ્ધ ધર્મમાં કહેવાય છે કે જે વ્યક્તિ બુદ્ધની, ધર્મની અને સંઘની શરણમાં આવે છે તે સમ્યક જ્ઞાન વડે ચાર આર્ય સત્યોને જાણી લે છે. આ ચાર આર્ય સત્ય છે - દુઃખ, દુઃખનો હેતુ, દુઃખમાંથી મુક્તિ અને દુઃખમાંથી મુક્તિ તરફ લઇ જનાર અષ્ટાંગિક માર્ગ. આ માર્ગના શરણે જે જાય છે તેનું કલ્યાણ થાય છે. (જૈન ધર્મ સાથે સરખાવી જો જો કેટલું સામ્ય મળે છે.)

પારસી ધર્મમાં જણાવવામાં આવ્યું છે કે હુમત - સત્‌વિચાર કરો, હુખ્ત - સત્‌વચન બોલો, હુરશ્ત - સત્‌કર્મ કરો. પારસીઓમાં અગ્નિ ઉપાસનાનું ખાસ મહત્વ છે. અગ્નિ તેઓને ત્યાં અને તેમના દેવળોમાં હમેશા પ્રજ્વલિત રહે છે. અગ્નિ પૂજાથી એવું લાગે છે કે વૈદિકઋષિ અને પારસી બન્ને આર્યોના સંતાન હશે.

યહુદી ધર્મની મુળ માન્યતા પ્રમાણે ''ઈશ્વર'' જીવ અને જગતની રચના કરવાવાળો છે. તે પ્રેમમય, કરુણામય અને સર્વવ્યાપી છે. ઈશ્વર સત્‌કર્મથી, પ્રેમથી, કરુણાથી બધાની સાથે સ્નેહભર્યો વ્યવહાર કરવાથી પ્રસન્ન થાય છે.

ચીન દેશ જે આપણી સાથે ટકરાઇ રહ્યો છે ત્યાં મુખ્યત્વે ત્રણ ધર્મ છે. બૌદ્ધ, તાઓ અને કન્ફ્યુશ. કેટલાક લોકોનું કહેવું છે કે ચીનમાં કોઇ ધર્મ છે જ નહીં. ત્યાં કેવળ આચાર પદ્ધતિ છે. ચીનમાં આચરણને ખુબ મહત્વ આપવામાં આવે છે.

લાઓત્સેએ જે ધર્મ આપ્યો તેનું નામ છે તાઓ ધર્મ. તાઓ શબ્ધ બહુ જ ગુઢ શબ્દ છે. તાઓ પરબ્રહ્મ છે, વિશ્વનું મુળ છે, સ્વયંસિદ્ધ છે. તેનું કોઇ રૂપ નથી, તે બધામાં છે છતાંય બધાથી ઉપર છે.

અહીં જરા વિનોબા ભાવેને યાદ કરી લઇએ. એક પ્રાર્થના ''ૐ તત્ સત્ શ્રી નારાયણ તું''માં ''રહીમ તાઓ તું'' કરી સંબોધન કર્યું છે. વિનોબાના મત મુજબ રહીમ જેટલા દયાળુ છે, તાઓ તેટલા જ તટસ્થ છે.

કન્ફ્યુશ ધર્મ : કન્ફ્યુશિયસને કોઇએ પૂછ્યું કે ''એક શબ્દમાં જણાવો કે મનુષ્યનું કર્તવ્ય શું છે ?'' ઉત્તર મળ્યો ''ભાઇચારો અને પ્રેમ'' કન્ફ્યુશિયસ કોઇ ધાર્મિક નેતા ન હતા. વિચારક હતા. કન્ફ્યુશિયસે માનવીય ગુણો ''વિવેક, ન્યાય, સરળતા, સત્ય સૌનું હિત સૌનું કલ્યાણ'' વગેરે પર ખુબ ભાર મુકેલો અને મૃત્યુ બાદ પણ આજે ચીનમાં લોકો તેમને દેવની જેમ પુજે છે.

આટલું અન્ય ધર્મો વિશે વિચારણા કર્યા બાદ જૈન ધર્મ વિશે ધાર્મિક પુસ્તકોના વાંચન, સંતો, સાધુ-સાધ્વીના સમાગમ અને ધર્મપ્રેમી સ્નેહીઓના અનુભવ ઉપરથી મારા મંતવ્યો હવે હું આલેખવાનો છું. આ મંતવ્યો કોઇને જિનઆજ્ઞા વિરુદ્ધ લાગતા હોય તો મિચ્છામિ દુક્કડમ્....

આગળ જણાવ્યા પ્રમાણે હું જૈન ધર્મનો જાણકાર પ્રખર પંડિત નથી. એ કામ જુદા-જુદા ગચ્છના હાલના અને આદિ આચાર્યોનું છે એને તેમના જ્ઞાન ભંડોળ પ્રત્યે મને પુરેપૂરૂં સન્માન છે. જૈન ધર્મ વિશેના તેમના વિચારોના દળદાર પ્રકાશનો પ્રાપ્ત છે, પણ મારા જેવા સામાન્ય માનવી માટે **ધર્મ તે પછી કોઇપણ હોય એ જીવન જીવવાની કળા છે.** જેમાં ક્યારેક એકાદ અનુપમ ક્ષણ આવી જાય છે.

તે આ સંસારથી ક્ષણિક તો ક્ષણિક મુક્તિ અપાવે છે.

હવે જૈન ધર્મને વિગતવાર સમજવાથી પહેલા જૈન ધર્મ વિશે કેટલાક ખાસ મુદાઓ તપાસીએ.

જે 'જિન'ના અનુયાયી છે તેઓને જૈન તરીકે ઓળખવામાં આવે છે. 'જિન' શબ્દ બન્યો છે 'જિ' ધાતુથી. 'જિ'નો અર્થ થાય જીતવું. 'જિન' એટલે જીતવાવાળો. જેણે પોતાના મનને જીતી લીધું છે, જેણે પોતાની વાણીને જીતી લીધી છે અને જેણે પોતાની કાયાને જીતી લીધી છે - તે છે 'જિન' જિનને તીર્થંકર પણ કહેવામાં આવે છે. તીર્થ એટલે ઘાટ, કિનારો. જેમણે પોતાના ઉપદેશથી આ સંસારના અસંખ્ય જીવોને તારી દીધા - કિનારે પહોંચાડી દીધા તેવા ધર્મ ઉપદેશકને જૈન ધર્મમાં 'તીર્થંકર' તરીકે ઓખળવામાં આવે છે. જૈન ધર્મ પ્રમાણે આવા ૨૪ તીર્થંકર થઇ ગયા હતા; જે વિશે આપણે આગળ ઉપર જોઇશું.

વૈદિક ધર્મમાં રામ, કૃષ્ણ વગેરે અવતારોને જેમ આદર આપવામાં આવે છે તેવો જ આદર જૈન ધર્મમાં તીર્થંકરોને આપવામાં આવે છે. અવતાર અને તીર્થંકરમાં મૌલિક અંતર છે. અવતાર તો પરમાત્માના, ઇશ્વરના પ્રતિરૂપ હોય છે જે સમય સમયે અનેક રૂપમાં જન્મ લે છે, જ્યારે જૈન ધર્મ પ્રમાણે તીર્થંકર એક એવી અવસ્થા છે, જેમાં મનુષ્ય પોતાના સ્વબળે ઉન્નતિ મેળવીને પરમાત્મા બની જાય છે. જૈન ધર્મના ચોવીસે ચોવીસ તીર્થંકર પોતાના સ્વબળે, તપ ઇત્યાદિ કરીને પરમપદને પામ્યા હતા.

જૈનદર્શન વિશે વિચાર કરીએ તો જૈન ધર્મમાં જગતને અનાદિ-અનંત માનવામાં આવે છે. જૈન ધર્મ પ્રમાણે આ જગતને બનાવનાર અને મિટાવનાર કોઇ નથી. આ આખું જગત સ્વયંભૂ પોતાની મેળે ચાલ્યું આવે છે અને ચાલ્યા કરશે. લય-પ્રલય થશે, પરંતુ ન તો તેની કોઇ શરૂઆત હતી, ન તો તેનો કોઇ અંત છે. જૈન ધર્મ પ્રમાણે આ જગત જીવ અને અજીવ નામના બે દ્રવ્યોનો મેળ છે. જીવ તો સમજી શકાય તેવી વાત છે, પરંતુ અજીવના પાંચ ભેદ છે. પુદ્ગુલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ... આ પ્રમાણે જીવ સહિત કુલ ૯ દ્રવ્યથી આ સંસાર ચાલે છે. આ દ્રવ્યોમાં ક્યારેય વધારો-ઘટાડો થતો નથી. પરંતુ આ ૬ દ્રવ્યોના પર્યાયોમાં હેરફેર થતી રહી છે. જૈન ધર્મ કહે છે કે, આ સૃષ્ટિનું સંચાલન કે સંહાર કરવાવાળી કોઇ શક્તિ નથી. પછી ભલે લોકો તેને 'ઈશ્વર'નું નામ આપે.

જૈનદર્શનનો મુખ્ય આધાર છે 'અનેકાન્ત.' અનેકાન્તનો સરળ અર્થ છે એક ચીજના અનેક ધર્માત્મ હોવા. જુદી જુદી દૃષ્ટિથી જ્યારે આપણે જોઇએ છીએ તો એક જ ચીજ અનેક ધર્માત્મક રીતે દેખાઇ પડે છે. દરેક ચીજનું વર્ણન કોઇને કોઇ અપેક્ષાથી કરવામાં આવે છે. દરેક વસ્તુ મુખ્ય અને ગૌણ એમ બે અપેક્ષાઓથી ગ્રહણ કરવામાં આવે છે. એક દૃષ્ટિએ એક ચીજ સત્ માનવામાં આવે છે તો બીજી દૃષ્ટિએ એ અસત્ જણાઇ આવે છે. અનેકાન્તમાં બધા જ વિરોધોનો સમન્વય થઇ જાય છે. દાખલા તરીકે કિરણ કોઇનો પુત્ર છે તો કોઇનો પિતા, કોઇનો ભાઇ તો કોઇનો ભત્રીજો, કોઇનો મિત્ર તો કોઇના શત્રુ. એક જ કિરણના અનેક રૂપ છે. કોઇ પણ એને કોઇ પણ રૂપમાં દેખી શકે છે. એટલા માટે એનું કોઇ એક રૂપ જ સત્ય છે તેમ કહેવું બરાબર નથી.

આમ જે વ્યક્તિ અનેકાન્તમાં માને છે તે સત્યને અનેક દૃષ્ટિકોણથી જોઇને પોતાનો કોઇ આગ્રહ-હઠ લઇને બેસતો નથી.

તે કોઇ વાત ઉપર લડતો-ઝગડતો નથી. તે હંમેશા સમભાવમાં રહે છે. આનો જ અર્થ છે 'સ્યાદ્વાદ' જેનો જૈનોના મત પ્રમાણે અર્થ છે - 'સાપેક્ષતા' એટલે કે 'કોઇ અપેક્ષાથી.' અપેક્ષાના વિચારથી કોઇ પણ ચીજ સત્ પણ હોઇ શકે છે અને અસત્ પણ...

(વધુ આવતા અંકે...)

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**જિનય વર્ધમાન લોડાયા**
કોઠારા - અમદાવાદ
Civil Eng. **91%**



**કેયા મહેશ લાપસીયા**
દલતુંગી - મુલુંડ
H.S.C. **75%**



**જીલ ચેતન છેડા**
સુથરી - ડોંબીવલી
S.S.C. **94.40%**



**રિધ્ધી નાગડા**
નલીયા - ખામગાવ
S.S.C. **92.20%**



**પ્રીત દિપક લોડાયા**
સુથરી - ભાંડુપ
S.S.C. **80%**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સાંધવ નગરે પર્યુષણ પર્વની ઉજવણી

ચાતુર્માસ બિરાજમાન પ.પૂ. મુનિરાજ શ્રી આર્યરત્ન સાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં પર્વની આરાધના ઉજવાઇ. કલ્પસૂત્ર પોથી ઘરે પધરાવવાનો લાભ શ્રી દામજી નરશી દંડ પરીવાર, પ.પૂ. મ.સા.ને કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ શ્રી દામજી નરશી દંડના પૌત્ર તથા પૌત્રી જીલ, તનય, ભવ્ય દંડ, દોહીત્રી ખુશી, કીયા, કાવ્યા, મોક્ષની બારી ખોલવાનો લાભ શ્રી ભવાનજી નરશી દંડ, કરમશી નરશી દંડ, શ્રી દામજી નરશી દંડ હસ્તે ઉત્તમ દંડ પરીવારે લીધેલ. ટોટલ સ્વપ્નાનું ધૃતમણ ૮૬૧૨૬ મણ થયેલ. પ્રભુજીનું પારણું ઘરે પધરાવવાનો લાભ શ્રી ઠાકરશી લાલજી પટેલ પરીવારે લીધેલ. ભાદરવા સુદ-૫ના બારસા સૂત્ર વહોરાવવાનો લાભ પ્રેક્ષા પ્રિયંક દેવન્દ્ર ખોના પરીવાર, ઘાટકોપર. કુમારપાળ રાજા બનાવવાનો લાભ અ.સૌ. જ્યોતિ નિલેશ દંડ. કુમારપાળ રાજા બનેલ નિલેશ રસિકલાલ ખોના. છઠના દિવસે રંગમંડપ ખોલવાનો તેમજ ગંભારો ખોલવાનો લાભ માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના પરીવાર, ભાંડુપ લીધેલ.

તા. ૧૬-૮-૨૦૨૦ થી ૨૫-૮-૨૦૨૦ના સાર્ધમિક ભક્તિના લાભાર્થી પરીવારો. મુખ્ય દાતાશ્રી વિરચંદ લાલજી પટેલ પરીવાર, આદીપુર. સહાયક દાતા : અ.સૌ. દમયંતિબેન ચાંપશી માણેકજી લોડાયા પરીવાર, ઘાટકોપર. સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ પરીવાર મુલુંડ. સારી સંખ્યામાં આરાધકો આરાધના કરેલ. સવારના રાઇ પ્રતિક્રમણ, પ્રભુજીની ભવ્ય અંગ પૂજા તેમજ ભક્તામર લક્કી ડ્રો પ્રભાવનાઓ, રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના યોજાયા હતા. પ્રભુજીની ભવ્ય અંગરચના આંગી બનાવેલ. કવિતા રામજી ખોના, સમતા પ્રદીપ ખોના, વૈશાલી દીલીપ ખોના. આંગી બનાવવાનો લાભ શ્રી દામજી નરશી દંડ અને કસ્તુરીબેન લાલજી પટેલે લીધેલ.

અઠ્ઠાઇ તપવાળાની નામાવલી : ૧) અ.સૌ. રેખાબેન દીલીપ લોડાયા (સાંધવ), ૨) કુ. વૈશાલી દીલીપ લોડાયા (સાંધવ), ૩) અ.સૌ. તનવી પંકજ ડાઘા (વરાડીયા-સાંધવ), ૪) મોહિત હરીન છેડા (જસાપર-સાંધવ), ૫) સિધ્ધાર્થ મંગલ લાલકા (વારાપધર-સાંધવ), ૬) ગૌરવ પંકજ લાલકા (વારાપધર-સાંધવ).

### કલીકટ ખાતે પર્યુષણ પર્વ

કોવિડ-૧૯ના લીધે દેરાસરજી બંધ રાખવામાં આવેલ છે. દેરાસરજીના સ્ટાફ અને પુજારીજીએ નિયમિત રોજની વિધી કરાવેલ. પર્યુષણ પર્વ દરમ્યાન ઓનલાઇન સવારના પ્રભુજીના દર્શન, બપોરના આરતી, આંગી, સાંજની આરતી



